મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત અનુસૂચિત જાતિઓ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, બિન અનામત આર્થિક રીતે પછાત વર્ગો, વિચરતી અને વિમુકત જાતિઓ તેમજ લઘુમતિના કિસ્સામાં પ્રાથમિક શાળાઓમાં શિષ્યવૃતિ અને ગણવેશ સહાય આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ સશપ /૧૦૨૦૧૫/૭૪૨૦૫૪/અ.૧
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ- ૧૫-૧૦-૨૦૧૫

વંચાણે લીધાં (૧) ગુજરાત સરકારના શિક્ષણ વિભાગનો તા.૭-૧૦-૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ પરચ/ ૧૦૨૦૧૪/યુઓઆર-૬/સ
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૩-૧૦-૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ સશપ / ૧૦૨૦૧૫/ ૭૪૨૦૫૪/ અ.૧

## પરિપત્ર :-

વંચાણે લીધેલા શિક્ષણ વિભાગના તા.૭-૧૦-૨૦૧૫ના ઠરાવ ક્રમાંકઃ પરચ/ ૧૦૨૦૧૫ /યુઓઆર-૬/સ અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૩-૧૦-૨૦૧૫ ઠરાવ ક્રમાંકઃ સશપ /૧૦૨૦૧૫/૭૪૨૦૫૪/અ.૧, અન્વયે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત અનુસૂચિત જાતિઓ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, બિન અનામત આર્થિક રીતે પછાત વર્ગો, વિચરતી અને વિમુકત જાતિઓ તેમજ લઘુમતિના કિસ્સામાં પ્રાથમિક શાળાઓમાં શિષ્યવૃતિ અને ગણવેશ સહાય આપવા બાબતે વિગતવાર નીતિ ઘડીને સ્પષ્ટ આદેશો બહાર પાડવામાં આવ્યા છે.

ઉપરોકત તા.૧૩-૧૦-૨૦૧૫ના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવથી પ્રાથમિક શાળાઓમાં ભણતા ધોરણ-૧ થી ૮ના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય અને શિષ્યવૃતિની ચુકવણી માટે જે તે વિદ્યાર્થીઓના બેંકમાં ખાતા ખોલીને શિષ્યવૃતિ/ગણવેશ સહાયની રકમ તેમના ખાતામાં જમા કરાવવાનું જણાવવામાં આવ્યું છે. તા.૧૩-૧૦-૨૦૧૫ના ઠરાવથી આવરી લેવાયેલા લાભાર્થીઓની વિશાળ સંખ્યા અને સમય મર્યાદામાં ચુકવણુ કરવાનું હોવાથી વહીવટી સરળતા ખાતર નીચે મુજબની કાર્યવાહી અનુસરવા જણાવવામાં આવે છે.

૧. પ્રાથમિક શાળામાં શિષ્યવૃતિ ચુકવવા બાબતે કેટલાક વર્ગો/ જુથો/જાતિઓના કુમાર/કન્યાની શિષ્યવૃતિના ધોરણ-૧ થી ૮ના દરમાં વધારો કરવામાં આવેલ છે.ચાલુ વર્ષ ૨૦૧૫-૧૬માં મુશ્કેલી ન હોય તો, અગાઉ મંજુર કરેલી દરખાસ્તને જ આધાર બનાવીને, નવી દરખાસ્ત મેળવ્યા સિવાય, તફાવતની રકમ તાત્કાલિક મંજુર કરી ચૂકવવાની કાર્યવાહી હાથ ધરવી.

નિયામક, અનુસુચિત જાતિ કલ્યાણ
ગુ. રા. ગાંધીનગર.
21 OCT 2015
આવકનંબર 2800

૨. શિષ્યવૃતિ અને ગણવેશ સહાય યોજનામાં વાર્ષિક આવક મર્યાદા નાબૂદ થવાના કારણે નવા ઉમેરાયેલા કુમાર/કન્યાઓ માટે પ્રાથમિક શાળાઓ પાસેથી નવી દરખાસ્તો તાત્કાલિક મેળવી શિષ્યવૃતિ અને ગણવેશ સહાય મંજુર કરી ચૂકવવા માટેની કાર્યવાહી હાથ ધરવી.

૩. જે જે લાભાર્થીઓના કિસ્સામાં વ્યકિતગત ખાતાં ખોલાવી શકાયાં ન હોય તો તે વિદ્યાર્થીઓના માતા- પિતા વાલી/પાલક સાથે ખોલાયેલા સંયુકત ખાતામાં પણ ગણવેશ સહાય અને શિષ્યવૃતિની રકમ જમા કરાવી શકાશે.

૪. જે કિસ્સાઓમાં વિદ્યાર્થીઓના અને માતા-પિતા/વાલી/પાલકના સંયુકત ખાતાં પણ ખોલાવવામાં વિલંબ થાય તેમ હોય તો તે કિસ્સાઓમાં વિદ્યાર્થીઓના માતા- પિતા/વાલી કે કાયદેસર પાલકના બેંક ખાતામાં પણ સહાયના નાણાં જમા કરાવી શકાશે.

૫.. ઉપરોકત ફકરા નં (૩) અને (૪)માં આપેલી છૂટછાટનો ઉપયોગ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ પૂરતો જ કરવાનો રહેશે. સન ૨૦૧૬-૧૭માં સમયસરના આગોતરા આયોજનથી લાભાર્થી વિદ્યાર્થીઓના ખાતાં ખુલી જાય તે માટે લીડ ડ્રિસ્ટીકટ બેંક મેનેજર, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, નાયબ નિયામક(અ.જા), નાયબ નિયામક (વિ.જા) /સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા)/સમાજ કલ્યાણ અધિકારી, (પંચાયત) વિગેરે સબંધિત અધિકારીશ્રીઓએ સમયબધ્ધ આગોતરા આયોજન ધ્વારા યોજનાનો અમલ કરવાનો રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( કે.જી.વણઝારા)
અધિક સચિવ
સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ

પ્રતિ,
- નામ.રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, માન. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (નાણાં)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (મહેસુલ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (આદિજાતિ વિકાસ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (કૃષિ, સહકાર અને પશુપાલન)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.શ્રીમંત્રીશ્રી (ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર